સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

એક કાઢયો નથી ત્યાં આવ્યો બીજો ચિનાઈ કોરોના !
શોધાઈ ન રસી એની વિશ્વમાં ચિનાઈ કોરોના !
છે સરહદોનું ભૂખ્યું ડ્રેગન - ચિનાઈ કોરોના -
રહો સાચવી, થાય ના વિશ્વાસ - ચિનાઈ કોરોના !

હાઈકુ

જાગતા રે'જો !
કરી જશે હડપ -
ચિનાઈ તીડ!

ચીની ચેપની
દવા નથી વિશ્વમાં -
છે જીવલેણ !

ચિંતન

સ્વભાવં ન જહાત્યેવ સાધુરાપદ્ગતોડપિ સન્ ।
કર્પૂરઃ પાવકસ્પૃષ્ટઃ સૌરભં લભતેતરામ્ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન આપત્તિમાં પડેલો હોય તો પણ પોતાના પરોપકારી સ્વભાવને છોડતો જ નથી. જેમ કે કપૂર અગ્નિથી સળગી રહ્યું હોય તો પણ વધારે સુગંધવાળું બને છે.

જે વ્યક્તિ વિદ્વાન - પંડિત - સમજદાર હોય તે પોતાનો 'સજ્જનપણા'નો સ્વભાવ કદી છોડે નહીં. સાધુ મહાત્માએ ડૂબતા વીંછીને તેના ડંખ સહન કરીન પણ બચાવ્યો તેમ સજ્જન સહનશીલ અને ક્ષમાશીલ બની પોતાની સજ્જનતાને કદાપિ છોડતા નથી.

સુવિચાર

- યું તો મેરે શહેરમેં પરેશાની કુછ ખાસ નહીં, લોગ ખુશ હૈ પર સુકૂન કિસી કે પાસ નહીં - **મુન્નાર નઝીર**
- વ્યક્તિને બદલે વ્યક્તિત્વનો મહિમા અને વ્યક્તિત્વથી આગળ અસ્તિત્વનો મહિમા થાય ત્યારે અધ્યાત્મ અલંકૃત બને છે - **મોરારિ બાપુ**
- કોઈ માણસ શુદ્ધ વિચારથી બોલે કે એ જ રીતે આચરણ કરે તો કદી અલગ નહીં થનારા પડછાયાની જેમ સુખ તેને અનુસરે છે - **બુદ્ધ**
- શિક્ષણ ખાતર શિક્ષણ નહિ,પણ શિક્ષણમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ - **મનુભાઈ પંચોળી**
- પ્રેમ ન હોય તો બધી પૂજા કેવળ વિધિ-વિધાન છે. પ્રેમ મુક્ત રાખે, મોહબંધનમાં નાખે, પ્રેમ મુક્તિ આપે છે અને સ્વાર્થ કબજો જમાવે છે - **ઓશો**
- શબ્દજ્ઞાન તો સૌ પ્રાપ્ત કરી શકે પણ અનુભવ જ્ઞાન તો બહુ સાધના માંગી લે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લવીંગના તેલમાં લસણની પેસ્ટ નાખી સાંધા પર હળવે હાથે માલીશ કરવાથી ચિકનગુનિયાના દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજકુમારીને જાતજાતના ડ્રેસનો શોખ હતો. એમના દરેક ડ્રેસમાં મોટા ભાગે આખી બાંય હોય. વસ્ત્રો સીવવા માટે પાંચ દરજીનો સ્ટાફ. રાજકુમારી એ દાસીને કહ્યું, 'મારા મોટા ભાગના વસ્ત્રોની જમણી બાંય પણ જમતી વખતે ડાઘ પડી જાય છે. પણ અમુક ડ્રેસ એવા છે કે જેની બાંય જમતી વખતે બગડી જતી નથી.' દાસીએ જે બાંયની કિનારી પર ડાઘ પડતા ન હતા એ ડ્રેસ ભેગા કર્યા. જોયું તો આ દરેક ડ્રેસ જહોન નામના દરજીએ સીવ્યા હતા. રાજકુમારીએ જહોન દરજીને પોતાની સમક્ષ હાજર થવા કહ્યું. કારણ કે જહોનના સીવેલા ડ્રેસની બાંય ખૂબ વ્યવસ્થિત હતી અને જમતી વખતે બગડી પણ જતી ન હતી.' જહોન આવ્યો. એણે કહ્યું, 'રાજકુમારીજી.' આપનો જમણો હાથ ડાબા હાથ કરતાં એક ઈંચ ટૂંકો છે. આથી જયારે હું ડ્રેસ સીવવા બેસું છું ત્યારે જમણી બાંય એક ઈંચ ટૂંકી બનાવું છું. આથી જયારે આપ ભોજન કરવા બેસો ત્યારે એ હાથ પર એવી રહીતે ગોઠવયેલી રહે અને નીચે લટકતી ન રહે જેથી ડીશનું ભોજન બાંયને અડી ન શકે.' રાજકુમારીએ કહ્યું, 'અત્યારે મારા બંને હાથનું માપ લઈ મને જણાવો કે શું આ સાચું છે?' જહોને માપ લીધું. અને ખરેખર એક ઈંચનો તફાવત જોવા મળ્યો. પેલા પાંચમાંથી આ જહોન જ એવો દરજી હતો કે જેના ધ્યાનમાં આ વાત આવી હતી. રાજકુમારીએ જહોનને ઈનામ આપી રવાના કર્યો. સાર એટલો કે પોતાના કામમાં ઝીણવટભરી કાળજી અને ચોકસાઈ રાખવામાં આવે તો કામ જરૂર દીપી ઉઠે છે.

લોકડાઉનમાંથી 'અનલોક' તરફની ગતિ

તંત્રીસ્થાનેથી...

ગમે તેટલાં લોકડાઉન અમલી બનાવ્યા છતાં હઠીલા ચાઈનીઝ મેઈડ વાઈરસનો વાળ વાંકો થવાનો નથી એવી પ્રતીતિ થયા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહની જોઈએ નિયંત્રણઓ હળવાં કરવામાં જ શ્રેય માની તબક્કાવાર તમામ પ્રવૃત્તિઓ ચાલુ કરવાનો આદેશ આપ્યો છે. વડાપ્રધાન માટે આ કોરોના સંકટ પણ આફતને બદલે અવસર બની રહે એવી વ્યૂહરચના સાથે દુનિયા આખી કરતાં ભારતની પ્રજાએ કોરોના સામે વધુ શાણપણ સાથે લડત આપી એવું ઠસાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. સદનસીબે આટલી મોટી સંખ્યામાં સંક્રમણ અને મૃત્યુ થયેલ હોવા છતાં અમેરિકા કે ઈટાલીની સરખામણીમાં આપણો મૃત્યુદર ઓછો હોવાનું આશ્વાસન જરૂર લઈ શકાય એમ છે. જોકે હજી કોરોનાના ખપ્પરમાં હોમાતા દરદીઓની સંખ્યા ઓછી થવાનું નામ નથી લેતી તે એક હકીકત છે. ટેસ્ટિંગ દર ઓછો હોવાને કારણે પોઝિટિવ કેસ ઓછા જ પકડાય અને મૃત્યુદર મુદ્દે કદાચ વિપક્ષોને દહેશત છે એમ આંકડા જાણી જોઈને છુપાવતા હોય તે પણ શક્ય છે. સૌથી મોટો લાભ તો ધોમધખતા વૈશાખને લીધે થઈ રહ્યો છે. મચ્છર મરી જતા હોય તો કોરોનાનું શું ગજું ? પરંતુ જશ મેળવવાનું વ્યસન થઈ ગયું હોઈ સત્તાધીશો તો લાફા મારીને પણ ગાલ રાતા જ રાખશે - 'કોરોના વિજય'ની મનઘડંત કથાઓ રજૂ કરતા રહેશે. પ્રજાના નામે વાહવાહી કરી કૌંસમાં પોતાની વિચક્ષણ બુદ્ધિથી જ આ સિદ્ધિ સાંપડી હોવાના દાવા કરતા રહેશે. મોદીશાસનના બીજા તબક્કાના પહેલા વર્ષની સમાપ્તિ પર વડાપ્રદાને પ્રજાનું ઓછું લઈ પોતાના ખાતમાં જશ કેવી રીતે ઠાલવી શકાય એનું શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કર્યું છે. વળી કુલ શાસન દરમિયાન કરેલાં પરાક્રમોની લાંબી યાદી પણ પ્રસ્તુત કરી દીધી છે જેમાં પાકિસ્તાનની હદમાં પ્રવેશી એને બોઠપાઠ ભણાવવાથી લઈ કાશ્મીર અંગેની અઘરી કલમ અને ત્રિપલ તલાક હટાવવાથી લઈ રામમંદિરના નિર્માણના ચુકાદાનો સમાવેશ થાય છે. આર્થિક ક્ષેત્રે સદંતર ઊંધા માથે પટકાયેલા દેશને આ રીતે ગળચટી કલ્પનાઓમાં રાચતો કરવાથી કોરોનાએ તોડી નાખેલ મોરલ પાછું આવી શકશે કે કેમ એ તો સમય જ કહેશે. કોરોના મેનેજમેન્ટમાં સરકાર મહંદશે ટીકાપાત્ર થતી રહી છે અને 'અનલોક' કર્યા પછી શું થશે એની કલ્પના બિહામણી છે. એટલે ઉચિત તો એ હતું કે 'વિજય'ની ઉજવણીની ટેવ વખત પૂરતી ભૂલઈ જવાઈ હોત. પરંતુ રાજકીય ક્ષેત્રમાં તો યેનકેન રીતે 'વિજય' જ મેળવવો એ અગત્યનું લેખાયું છે. પ્રજોન પણ એવા ઘેનમાં રહેવાની ટેવ પડેલી છે. કોરોનાગ્રસ્ત દેશ માટે પ્રાથમિકતા પાર્ટીના વિજયની કે વિપક્ષ દ્વારા સત્તાધારીનાં છિદ્રો જ શોધી કાઢવાની ન હોવી જોઈએ. જર્મની ચાન્સેલર એન્જેલા મર્કેલે બહુ ચોખ્ખા શબ્દોમાં અમેરિકી રાષ્ટ્રપ્રમુખનું જી-૭ શિખરનું નિમંત્રણ ફગાવી પ્રાયોરિટી કોરોનાગ્રસ્ત દેશને આ સંકટમાંથી બહાર કાઢવાની બાબતને આપી છે. ટ્રમ્પ પણ મોદીની જેમ કોરોના વિજયની ઉજવણી કરવાના ખયાલી પુલાવ પકાવી રહ્યા છે. આવા આંતરરાષ્ટ્રીય કપરા કાળમાં નેતાની પરિપક્વતા અને સજ્જતા સરાણે ચડતી હોય છે. જાપાનના વડાપ્રધાન અને ચીનના રાષ્ટ્રપતિએ એનું ઠાવકું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ફુડ સેફટીના કાયદામાં સમયાંતરે ફેરફાર જરૂરી : ગુજરાત હાઈકોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ફુડ સેફટીના કાયદામાં સમયાંતરે ફેરફાર થયો છે. સરકાર તરફથી અનેક નિયમો પણ લાવવામાં આવ્યા છે. તાજેતરમાં તુવેર દાળને જીવાતથી બચાવવા વર્ષો જુની ભારતીય પરંપરા રહી છે કે તુવેર, ઘઉંને બધા જ દિવેલથી મોઈને પછી જ તેનો સ્ટોક કરવામાં આવતો હોય છે. દરેક ઘરમાં આ પ્રથા પ્રથમથી જ અમલી છે. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં સોળ વર્ષ જુના એક કેસમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે તુવેર દાળને જીવાતથી બચાવવા લગાવવામાં આવતા દિવેલથી શું તે અખાદ્ય બની જાય છે? ભેળસેળયુક્ત બને છે કે કેમ? તે અંગે નવેસરથી નિર્ણય લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે.

ગુજરાત દાળ, કઠોળ ઉત્પાદક એસોસીએશન તુવેર દાળ અને કઠોળને જીવાતોથી સંરક્ષીત કરવા માટે દિવેલ તેલ લગાવવા કેન્દ્ર સરકારે પ્રતિબંધ મુકયો હતો. એસોસીએશનની અનેક રજુઆતો છતા યોગ્ય નિર્ણય નહિ આવતા અંતે ૨૦૦૪ માં તેમણે કેન્દ્ર સરકારના આદેશને હાઈકોર્ટમાં પડકારેલ હતો. કેન્દ્ર સરકારના સબંધીત વિભાગના આદેશોને રદ કરી નવેસરથી નિર્ણય લેવા આ મેટર પરત મોકલી આપી છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશમાં નોધ્યું છે કે આ સમગ્ર પ્રકરણમાં અરજદાર એસોસીએશનની રજુઆતને અનુસંધાને કાઉન્સીલ ઓફ રીસર્ચ ઈન આર્યુવેદ એન્ડ સીધ્ધ તેમજ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુટ્રીશીયન વિગેરેના નિષ્ણાંતોના અભિપ્રાય લઈ કેન્દ્ર સરકારે નવેસરથી નિર્ણય લેવો કે એસોસીએશનના સભ્યો અને સામાન્ય નાગરિકો દ્વારા તુવેર દાળ અને અન્ય કઠોળને જીવાતથી બચાવવા માટે તેના ઉપર દિવેલ લગાવવાથી શું દાળ, કઠોળ અખાદ્ય કે પછી ભેળસેળ યુકત બને છે કે નહિ. આ માટે અરજદારને રજુઆત કરવાની તક પણ સબંધીત વિભાગે આપવાની રહેશે. સમગ્ર પ્રક્રિયા છ માસમાં પૂર્ણ કરવાની રહેશે તેમ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું છે.

તુવેર દાળ, અનાજ દિવેલથી મોવાથી શું અખાદ્ય બની જાય છે?

નામદાર ગુજરાત હાઈકોર્ટે નોધ્યું છે કે ફુડ સેફટી એકટમાં સમયાંતરે ફરેફારો થયા છે. સરકાર તરફથી અનેક નિયમો પણ લાવવામાં આવ્યા છે. તેવા સંજોગોમાં સરકારે પ્રસ્તુત મુદ્દે કે તુવેર દાળ અને અન્ય કઠોળ ઉપર દિવેલ તેલ લગાડવાથી તે અખાદ્ય કે ભેળસેળ યુકત બને છે કે કેમ? તેના ઉપર વિચાર કરવાની જરૂર છે.

ગુજરાત દાળ, કઠોળ ઉત્પાદક એસોસીએશનને સને ૨૦૦૪ મા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરેલ કે તમામ અરજદારો દાળ, કઠોળના ઉત્પાદક અને પ્રોસેસના ધંધા સાથે સંકળાયેલા છે. અરજદાર એકમ એ રાજયનું એક સત્તાવાર એકમ છે. જે દાળ, કઠોળ ઉત્પાદકો તરફથી સરકાર સાથે ચર્ચા, મંત્રણાઓ કરે છે. રાજયમાં વર્ષોથી તુવેર દાળ અને અન્ય કઠોળને તેલ લગાવવાથી જીવાતથી બચે છે. આ દિવેલ તેલ તુવેર દાળ કે કઠોળ ઉપર એક લેયરની જેમ કામ કરે છે અને જીવજંતુ પડતા નથી કે કઠોળ બગડતુ નથી પરંતુ આ દિવેલ તેલ ઉત્પાદકો દ્વારા લગાવવામાં આવે છે તે ખાદ્ય છે કે અખાદ્ય તેનું પરિક્ષણ ફુડ ડિપાર્ટમેન્ટ અત્યાર સુધી કરતું ન હતુ જેથી આ દિવેલ ખાવા લાયક ના હોય તો તેનાથી આવા ઉત્પાદક ખાનાર વ્યક્તિના શરિરમાં અસર કરે છે. રોગ પણ થાય છે. રાજયના હવામાન અને નાગરિક પરંપરાને અનુસાર પણ દિવેલ તેલને જ કઠોળ, દાળ બચાવવાનું શ્રેષ્ઠ સાધન માનવામાં આવ્યું છે. ઘણા લોકો પારાની ગોળીઓ પણ અનાજ કઠોળમાં મુકી સાચવણી કરતા હોય છે પરંતુ પારાની ગોળી ખાવામાં આવી જાય તો તે હાનિકારક છે. ૧૯૮૫ માં સરકાર પક્ષે આ મામલે વાંધો રજુ કરવામાં આવ્યો હતો અને દિવેલના ઉપયોગથી તુવેર દાળ અને કઠોળ ભેળસેળ યુકત ખાદ્યપદાર્થ બની જતું હોવાનું જણાવેલ જે સામે એસોસીએશને રજુઆત કરેલ કે વર્ષોની રૂઢી અને પરંપરા છે. આ રીતે અનાજ, કઠોળની સાચવણીની દેશી પધ્ધતિ દરેક પરિવારમાં જળવાતી આવી છે. દિવેલ તેલના લેયરથી દાળ, અનાજ, કઠોળને કોઈ જ નુકશાન થતુ નથી. આનાથી પદાર્થ અખાદ્ય નથી બની જતો. દિવેલનો ઉપયોગ હેલ્થ વિભાગના ડાયરેકટરે અયોગ્ય હોવાનું જણાવ્યું હતું ત્યારબાદ ૨૦૦૩ માં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશ્નરે અરજદારને દિવેલ તેલનો ઉપયોગ ન કરવાનું ફરમાન કરેલ અનેક રજુઆતો સરકારમાં કરેલ હોવા છતાં સમગ્ર મામલાનો નિકાલ ના આવતા ગુજરાત દાળ, કઠોળ ઉત્પાદક એસોસીએશને નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના દ્વાર ખટખટાવતા ૧૬ વર્ષ બાદ નામદાર ગુજરાત વડી અદાલતે આ બાબતે કેન્દ્રના આદેશોને રદબાતલ ઠરાવી છ માસમાં નવેસરથી અહેવાલ રજુ કરવા આદેશ કરેલ છે.

ગુજરાતમાં ફુડ સેફટી એકટમાં ૨૦૦૬, ૨૦૧૨ માં તથા ૨૦૧૬ માં વખતોવખત નવીન સુધારા વધારા કરવામાં આવ્યા છે. નાગરિકોની સુખાકારી અગત્યની છે. ખાદ્ય પદાર્થમાં કોઈપણ જન્તુનાશક દવાઓ અથવા એન્ટીબાયોટીક દવાઓના અંશો મળી આવે તો વેપારી સામે ગુન્હો નોંધવામાં આવે છે. વેપારી દુકાનમાં કઠોળ, અનાજ, દાળ વેચે તો ગ્રાહક લેબોરેટરી કરાવે અને જો તેમાં એન્ટીબાયોટીક

અનુસંધાન પાના નં ૭ પર

...આ ઝરણા જેમ ખળખળવાનું સુખ સૌને નથી મળતું

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

"પડ્યું બિલ્ડીંગથી બાળક,
ને નીકળી એ જ વકતે રૂ ભરેલી ટ્રક;
એ જોયું તો થયું કે મોકલી દે છે
મદદ ભગવાન કઈ રીતે !"

- અનિલ ચાવડા

વાત અગત્યની હતી, મોટા સોદાની હતી. ત્યાં અનિલભાઈ ઊઠ્યા અને બોલ્યા : ટપુભાઈ, તમે થોડી વાર વિચારો એટલી વારમાં એક કામ કરીને આવું છું.'

'પણ આપણું હવે પતવામાં જઓ છે ને તમે ક્યાં જાઓ છો...? તમારે માટે આ કામ અગત્યનું નથી...?'

અનિલભાઈ તો વધુ વાત કરવા રોકાયા વિના સડસડાટ ત્યાંથી ચાલ્યા ગયા, અને ટપુભાઈ જમીનનો નકશો જોતા જ રહ્યા. પૂરા પોણા કલાક પછી અનિલભાઈ પાછા ફર્યા ત્યારે ટપુભાઈનું મોઢું ચઢેલું જ હતું.

અનિલભાઈએ ખુરશીમાં જગ્યા લેતા કહ્યું : 'બોલો, પછી તમે શું નક્કી કર્યું ?'

ખીજવાયેલા ટપુભાઈએ કહ્યું : 'હું અહીંથી ચાલ્યો ગયો હોત તો સોદો સોદાને ઠેકાણે રહ્યો હોત.'

'પણ આ સોદો તો થવાનો છે, એ વાત ઈશ્વરને મંજૂર છે એટલે તમેમ ગયા નહીં. નહીં તો હું અહીં હાજર હોત તો પણ સમજૂતી ન થઈ શકી હોત.'

તે પછી થોડી જ મિનિટોમાં ટપુભાઈ અને અનિલભાઈ વચ્ચે એક જમીનનો સોદો નક્કી થઈ ગયો. ટપુભાઈ જમીન લે-વેચ કરતા અને અનિલભાઈ મોટાં બાંધકામ કરતા.

બધું પતી ગયા પછી ટપુભાઈએ પૂછ્યું : 'અનિલભાઈ, એવું તે શું હતું કે, તમે સોદો થવાની તૈયારીમાં હતો છતાં મને મૂકીને ચાલ્યા ગયા ?'

'એ મારી અંગત બાબત છે. જાણીને શું કરશો ?'

'તમને વાંધો ન હોય તો કહો. મને જાણવાની જિજ્ઞાસા છે.'

'વાત મારા બાપુજીથી શરૂ થાય છે. એમનો પણ મારી માફક બાંધકામનો જ ધંધો. કામ ખૂબ રહે, પણ રોજ રાતે બીજાઓ માટે ટિફિન ભરીને ભાખરી ને મગ લઈ જાય. રિક્ષામાં જાય ને રિક્ષામાં આવે. લગભગ એકાદ કલાકે ઘેર આવે, પછી જ શાંતિથી જમે. એક વાર તેઓ ટિફિન ભરીને રિક્ષામાં બેઠા ત્યાં સિમેન્ટનો એક વેપારી આવ્યો. તે વખતે સિમેન્ટની ખૂબ તંગી હતી. મારા બાપુજીએ સિમેન્ટના વેપારીને કહ્યું : 'તમે બેસો, હું હમણાં આવું છું. અથવા તમારું બીજું કોઈ કામ હોય તો પતાવીને આવો. હું કલાકમાં તો પાછો આવી જઈશ.''

'મારે બીજે કશે જવાનું નથી.'

'તો થોડી વાર બેસો... ચા-નાસ્તો કરો. હું આવી પહોંચું છું.' સિમેન્ટના એ વેપારી પર મારા બાપુજી પર ધુંઆપુંઆ થતા બેસી રહ્યા. પોણા કલાક પછી બાપુજી પાછા આવ્યા અને બંને વચ્ચેની સિમેન્ટની ખરીદી પૂરી થઈ.

'સિમેન્ટના એ વ્યાપારી ગયા પછી મેં મારા બાપુજીને કહ્યું, : 'બાપુજી, તમે જાણો છો કે આપણને સિમેન્ટની કેટલી જરૂર છે, છતાં તમે એમને બેસાડી રાખીને ગરીબોને રોટલા આપવા ગયા ?''

'દીકરા, ચોવીસ કલાક - આખો દિવસ તો હું મારા માટે જ જીવું છું. પણ એ ચોવીસ કલાકમાંથી માત્ર અડધો કલાક શું બીજાઓ માટે ન રાખું ?' વેપાર-ધંધો તો આખી જિંદગી થવાનો છે ! આપણા નસીબમાં કોઈ ચોરી જવાનું નથી ! હવે એક વાર નિયમ બનાવ્યો એટલે બનાવ્યો. આપણા સ્વાર્થ ખાતર એમા વિલંબ કે બાંધછોડ ન ચાલે ! તને પણ કહું છું કે, ધંધામાં ભલે લાખો રુપિયા કમાય, પણ ચોવીસ કલાકમાં ચોવીસ મિનિટ તો એવી નક્કી કરી રાખજે કે જે બીજાઓ માટે હોય ! એ ચોવીસ મિનિટને કારણે જ આપણે ચોવીસ કલાક ઊજળા ફરી શકીશું...' ટપુભાઈ, મારા બાપુજીએ મને વારસામાં તો ઘણું બધું આપ્યું છે, પણ આ જે વાત વારસામાં આપી છે એનું મારે મન મોટું મૂલ્ય છે. અત્યારે પણ હું ટિફિન લઈને ભૂખ્યાંને ભોજન આપવા જ ગયો હતો. મારા બાપુજી રિક્ષામાં જતા હતા, ઈશ્વરકૃપાથી હું કારમાં જાઉં છું. અને એક સાચી વાત કહી દઉં : આ બધું ભૂખ્યાને ભોજન આપવાનું, વસ્ત્રો આપવાનું, કયારેક પૈસા કે બીજી વસ્તુ આપવાનું, એ હું પરલોકનું પુણ્ય કમાવા નથી કરતો, કે મારા ધંધાનાં કાળાં-ધોળાં નથી કરતો, પણ માત્ર મારા જીવના આનંદ ખાતર કરું છું. એટલે મહેરબાની કરીને મારી આ અંગત ટેવની વાત તમે કોઈને કહેશો નહીં. એને લીધે કીર્તિનો ખોટો ફુગાવો થાય છે.'

એટલામાં અનિલભાઈનાં પત્ની આવી ચડ્યા. જયારે એમને ચર્ચાની વાત જાણી ત્યારે કહ્યું : 'ટપુભાઈ, તમે હજુ આમને ઓળખતા નથી, એ પણ મારા સસરાજી જેવા જ છે. નિયમ માટે તો લાખો રૂપિયાનો સોદો પણ જવા દે. એ તો ઠીક છે, પણ અમારા લગ્નની રાતે પણ તે વરાનું જમવાનું માણસો પાસે ઊંચકવાનીને જાતે જ વહેંચવા ગયા હતા. એટલું સારું હતું કે એમને એમના આ નિયમની વાત મને પહેલેથી કહી રાખી હતી; એટલે એ બાબતમાં ગેરસમજ થઈ નહિ. અને ખરું કહું ? શરુઆતમાં તો મને આ કામમાં કંઈ ખાસ રસ નહોતો. પણ આજે મને પણ એ કામ ગમવા માંડ્યું છે, એટલે ટિફિન ભર્યા વગર મને ચેન પડે જ નહીં.'

ટપુભાઈ જમીનનો સોદો પાકો કરીને અનિલભાઈને ત્યાંથી નીકળ્યા તો ખરા, પણ અનિલભાઈનું પેલું વાક્ય : 'આખા દિવસમાંથી ખાલી અડધો કલાક પણ બીજાઓ માટે ન રાખી શકીએ તો જીવ્યાનો શો અર્થ - મનમાં ઘૂંટાતું ગયું... ઘૂટાતું જ ગયું.'

- લલીતકુમાર શાસ્ત્રી

Last Seen :
સતત વહેવું,બધું સહેવું, ન કાંઠાનેય કૈં કહેવું,
આ ઝરણા જેમ ખળખળવાનું સુખ સૌને નથી મળતું.

- પ્રણવ પંડ્યા

- nehalgadhavi101@gmail.com

ડિપ્લોમસીના રાજકીય ઉપયોગનું વરવું વૈશ્વિક ચિત્ર

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ઘરઆંગણે ચૂંટણી જીતવા માટે આંતરરાષ્ટ્રીય સંબંધોનો ભરપૂર ઉપયોગ કરવાની મોસમ પૂરબહારમાં ખીલી છેઃ નેશન ફર્સ્ટની વાતને આગળ ધરીને પોતાના મતદારોને રાજીના રેડ કરી નાંખવાનો થનગનાટ અનુભવતા વિવિધ દેશોના વર્તમાન શાસકોમાં આજે સૌથી વધુ ચર્ચામાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ છે. કોરોનાના વૈશ્વિક સંકટ સામે લગભગ વિવશતા અનુભવતા અને લોકપ્રિયતાનો ગ્રાફ નીચે જવાના સંતાપમાં બેફામ બની નિવેદનો કરતા રહેતા ટ્રમ્પ સઘળા કોરોના સંકટના દોષનો ટોપલો ચીનના શિરે લાદવા રીતસર ધમપછાડા કરી રહ્યા છે. પોતાનું ઘર તો સાચવવાની સ્થિતિમાં નથી અને ભારત (હાથી) તેમજ ચીન (ડ્રેગન)ના સંબંધોમાં ખટરાગમાં "બીચ મે મેરા ચાંદ ભાઈ"ની જેમ છાસવારે મધ્યસ્થી કરવાની બાંગો પોકારે છે. પોતાના બીજિંગ સાથેના સંબંધો તો કડવાશ ભણી ગતિ કરી રહ્યા છે ત્યારે ક્યારેક કાશ્મીર મુદ્દે તો ક્યારે તો ક્યારેક લડાખ છમકલાં મુદ્દે લવાદ બનવા ઓફર કર્યા કરે છે. ભારતમાં કોરોનાના કેસ ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કેરળમાં જોવા મળ્યા પછી પણ ૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે લાખોની જનમેદનીમાં "નમસ્તે ટ્રમ્પ"માં સહભાગી થવા કે આગ્રામાં તાજમહાલના દીદાર કરીને ટ્રમ્પે દિલ્હી કનેથી હજારો કરોડનો ધંધો લઈ જવાની સઘળી કવાયત કરી એ પાછળ નવેમ્બર ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવામાં અમેરિકી ભારતીયોનો ટેકો મેળવવાનો જ ઈરાદો હતો. કોરોનાની ચેતવણી મળી ચૂક્યા પછી પણ એને હસી કાઢનાર ટ્રમ્પ હવે ઘાંઘા થયા છે. બીજી બાજુ, ચીનના આર્થિક અને રાજદ્વારી પ્રભાવને દુનિયાભરમાં જ નહીં, ટ્રમ્પભાઈના પોતીકા અમેરિકામાં પણ સ્વીકારવો પડે એવા સંજોગો આકાર લઈ રહ્યા છે. કોરોનાના વૈશ્વિક સંકટ વખતે જ વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યૂએચઓ) જેવી સંસ્થાને રાજકીય રંગે રંગીને સંબંધવિચ્છેદની ઘોષણા કરનાર ટ્રમ્પ માનસિક સંતુલન ગુમાવી રહ્યાની આશંકા જગાવે છે.

ચીનના પ્રભાવનો સ્વીકાર

આફ્રિકી દેશો પર ચીનનો પ્રભાવ વધી રહ્યો છે અને દુનિયાની ફોજદારી કરતા રહેલા અમેરિકા માટે માઠા દિવસો આવી રહ્યા હોવાનાં

- **અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ચૂંટણી જીતવા માટે ચીનને શિરે કોરોનાસંકટના દોષનો ટોપલો ઢોળવા ઉધામા**
- **ભારત ફરતે બધા જ દેશો ચીની પ્રભાવમાં હોવા છતાં વોશિંગ્ટન અને બીજિંગ વચ્ચે બેલેન્સ કરવાના પ્રયત્ન**
- **ડ્રેગનના ખડપામાં ઘૂસેલા નેપાળના સરહદના અટકચાળા બંધારણ બદલવાની બહુમતીના અભાવે જ સ્થગિત**
- **વિશ્વ સંકટ ટાણે વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યૂએચઓ)માંથી ફારેગ થવાનો અપરિપક્વ અમેરિકી નિર્ણય**

એંધાણ રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે સન્નિપાત સર્જે છે. ઈસ્લામિક દેશો અને પેટ્રોલિયમ ઉત્પાદક દેશોમાં ભાગલા પડાવીને પોતાના સમર્થક દેશોમાં પોતાને અનુકૂળ માહોલ સર્જાવાની કોશિશ કરી રહેલા ટ્રમ્પ હવે સીધા જ ચીનને પોતાના સ્પર્ધક તરીકે કબૂલી રહ્યા છે. પાકિસ્તાન તો ચીનના પ્રાંત સમાન જ છે. એની મદદથી ચીન સીધું જ અખાતીય દેશોમાં પ્રભાવ પાથરવાની સ્થિતિમાં છે. રશિયા પણ ચીન સાથે જ મૈત્રી જાળવવાનું પસંદ કરે એ સ્વાભાવિક છે. ભારત ચીન અને અમેરિકા સાથે સમઅંતર (ઈક્વી ડિસ્ટન્સ) જાળવે એ જ એના હિતમાં છે કારણ ભારતની આસપાસના તમામ દેશો બીજિંગના પ્રભાવમાં આવી ચૂક્યા છે. ભારત વિરુદ્ધ ચીનના સંજોગોમાં ભારતને પડખે ઊભા રહેવાની સ્થિતિમાં આ દેશો નથી. નેપાળ ક્યારેક ભારતનું અનન્ય મિત્ર હતું, પરંતુ આજે તો એ ચીનના રિમોટથી સંચાલિત છે. કાલાપાની અને આસપાસના ભારતના સરહદી વિસ્તારને પોતાના નકશામાં ભેળવી દેવાનો અટકચાળો ખાટમાંડો પોતાની રીતે કરી શકે તેવી સ્થિતિમાં નથી. માલદીવ, શ્રીલંકા, બાંગલાદેશ અને મ્યાનમાર ચીની મૂડીરોકાણ અને પ્રભાવમાં છે. ભૂટાન તો હવે ૨૦૦૭ની સમજૂતી મુજબ ભારતના સુરક્ષા કવચમાં નથી. તિબેટની જેમ ચીન તેને ઓહિયાં કરી જાય નહીં કે રાજાશાહી સામે બળવો કરાવી થિમ્પૂ પર બીજિંગનો પ્રભાવ પાથરે નહીં એની ચિંતામાં એ ગુડીગુડી રહેવાનું પસંદ કરે.

દેશો આર્થિક સંકટમાં

કોરોનાના પ્રતાપે દુનિયાભરના દેશોમાં લોકડાઉન અને અન્ય કારણોસર તમામ દેશોનાં અર્થતંત્ર ખખડી ગયાનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. ભારત તો આમ પણ આર્થિક સંકટમાં હતું જ. ચીન અને અમેરિકાના આર્થિક સંબંધોમાં પણ કોરોના સંકટે અસર તો કરી છે પણ બંને દેશોનાં એકમેકમાં એટલા મોટા પ્રમાણમાં મૂડીરોકાણ છે કે ભલે 'ઔર ખીંચ મુઝે જોર આતા હૈ' જેવી અવસ્થામાં હાકલા દેકારા કર્યે રાખે, બંને દેશોની મજબૂરી એકમેક સાથેના આર્થિક સંબંધો છે જ. ટ્રમ્પ આવ્યા ત્યારથી અમેરિકામાં ચીની મૂડીરોકાણ ઘટતું રહ્યું હોવા છતાં હજુ એનું પ્રમાણ ખાસ્સું જળવાયું છે. વળી, ચીની ઉદ્યોગપતિઓ અને મૂડીરોકાણકારો અમેરિકામાં પોતાનો પ્રભાવ ધરાવે છે. અમેરિકાની ૩૫ % કરતાં વધુ રિઝર્વ્સ ચીનની હોવાથી અમેરિકી અર્થતંત્ર પર એની સ્વાભાવિક અસર રહે. અમેરિકામાં ચીની મૂડીરોકાણ ઘટાડીને બીજિંગ અન્ય દેશો તરફ વળ્યું છે. વર્ષ ૨૦૧૮માં ૫.૪ બિલિયન અમેરિકી ડોલર જેટલું સીધું મૂડીરોકાણ કરનાર ચીને ગયા વર્ષે તે ઘટાડીને ૫ બિલિયન અમેરિકી ડોલર કર્યું હતું